# <u>વીકલી રિવ્યુ મિટીંગ</u>

## તા.૨૨-૦૮-૨૦૧૨ ને બુધવારના રોજ સવારે ૯:૪૦ કલાકે
## <u>મ્યુનિસિપલ કમિશનરશ્રીએ અધિકારીશ્રીઓ સાથે રાખેલ મીટીંગની કાર્યવાહીની નોંધ.</u>

➢ **કાયમી ચર્ચાના મુદ્દા**

- આરોગ્ય અને રોગચાળો
- ઘનકચરાનો નિકાલ
- અગત્યના કાર્યક્રમ / તહેવારો
- ગેરકાયદેસર બાંધકામ અને દબાણો
- સરકારી પત્રો
- પ્રેસ નોટ રિવ્યુ

➢ સફાઈની કામગીરી વધુ સઘન બનાવવી. મડ સ્ક્રેપીંગની કામગીરી દરેક ઝોને હાથ ધરી ૭ દિવસમાં પૂર્ણ કરવી. ચુના પાવડરનો છંટકાવ નિયમિત થાય તે જોવું. ફરજ દરમિયાન સફાઈ કામદારો દ્વારા જેકેટ અવશ્ય પહેરવામાં આવે તેની તકેદારી રાખવી વધારાનું એક જેકેટ આપવા કાર્યવાહી કરવી. બપોરની સફાઈ વધુ સઘન બનાવવી. તમામ રોડ પરના કેચપીટ વ્યવસ્થિત ફીટ થયેલ હોય તે જોવું.

(અમલ : ડે.મ્યુ.કમિશનરશ્રી-સેન્ટ્રલ સ્ટોર્સ, એડી.સી.ઈ.શ્રી-તમામ ઝોન, ડે.હેલ્થ ઓફીસરશ્રી-તમામ)

➢ ડૉર ટુ ડમ્પનું ૧૦૦% કવરેજ સમયસર થાય તે જોવું તથા સફાઈ કામગીરી સઘન કરવી, શહેરમાં કોઈ જગ્યાએ કચરો ડમ્પ ન થાય તથા ન્યુસન્સ પોઈન્ટ ન બને તેની તમામ અધિકારીઓએ કાળજી રાખવી. (અમલ : ડે.મ્યુ.કમિશનરશ્રી-તમામ, આસી.મ્યુ.કમિશનરશ્રી-તમામ, ડે.હેલ્થ ઓફીસરશ્રી-તમામ)

➢ મોડલ રોડ પર ગ્રીલ ફીટીંગ, કલરીંગ, કેટ આઈ, ફુટપાથ વર્કને લગતી કામગીરી ઝડપી અને ગુણવત્તાપુર્વક થાય તે જોવું. મોડલ રોડ પરના લારી - ગલ્લાની આઉટર લીમીટ સાથે વૈકલ્પિક વ્યવસ્થા માટે સૂચવ્યા મુજબ કાર્યવાહી તમામ ઝોન દ્વારા પૂર્ણ કરવી. વેન્ડર આઇ-કાર્ડ વિતરણની કામગીરી ઝડપથી પુર્ણ કરવી. તમામ ઝોને મોડેલ રોડ પરના દબાણ દૂર કરવા વધારાની ઓપન હોય તેવી ગાડી સેન્ટ્રલ વર્કશોપ ખાતેથી મેળવી મજુર અને સીક્યુરીટી ગાર્ડનો સ્ટાફ રાખવો. મોડલ રોડ ઉપરના લાઈટ પોલની ડીઝાઈન સ્ટાન્ડર્ડાઈઝ કરવી તેમજ રીફલેક્ટીવ કલરનો વિકલ્પ ચકાસવો. (અમલ : ડે.મ્યુ.કમિશનરશ્રી-એસ્ટેટ, એડી.સી.ઈ.શ્રી - રોડ પ્રોજેક્ટ, એડી.સી.ઈ.શ્રી-લાઈટ, ડે.એસ્ટેટ ઓફીસરશ્રી-તમામ,)

➢ મોડલ રોડ ઉપર પાર્કીંગ અર્થે એલોટેડ જગ્યાની માહિતી તાકીદે એકત્ર કરી ડ્રાફટ એપ્રુવ કરાવવો. પાર્કીંગના રેટ ઝોન કક્ષાએ સ્થળ સ્થિતિ પ્રમાણે નક્કી કરવા સમીક્ષા કરવામાં આવશે. (અમલ : એસ્ટેટ ઓફીસરશ્રી)

➢ બી.આર.ટી.એસ. રૂટની તમામ ફૂટપાથ ખાલી રહે તેવી વ્યવસ્થા કરવા માટે સર્વે કરી માહિતી તા.૨૯/૦૮/૨૦૧૨ સુધીમાં તૈયાર કરવી. (અમલ : ડે.એસ્ટેટ ઓફીસરશ્રી-તમામ ઝોન)

- ➢ મોટા રોડ ઉપર કેનોપી પ્લાન્ટેશન કરવું. પ્લાન્ટેશનને લગતી કામગીરી માટે તમામ ઝોન / પ્રોજેક્ટની સાથે સંકલનમાં રહી ઝુંબેશરૂપે હાથ ધરવી. પુર્ણ વિકસીત રોડ પર રોડ સાઈડ  પ્લાન્ટેશનને તમામ ઝોન દ્વારા અગ્રતા આપવી. જે કુંડાના છોડ સુકાઈ ગયા હોય તેવા છોડ રીપ્લેસ કરવા કાર્યવાહી કરવી.
(અમલ : ડે.મ્યુ.કમિશનરશ્રી-ગાર્ડન)
- ➢ તારીખ ૬-૭ સપ્ટેમ્બર દરમિયાન એશિયન ડેલીગેશન અમદાવાદ બી.આર.ટી.એસ. ની મુલાકાતે આવનાર હોઈ, બી.આર.ટી.એસ. રૂટમાં કલર કામ, પેચ વર્ક, ગ્રીલ જેવા ચર્ચા થયા મુજબના કામો સમયસર પુરા થઈ જાય તેની તકેદારી રાખવી.(અમલ : એડી.સી.ઈ.શ્રી - રોડ પ્રોજેક્ટ)
- ➢ ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી, એમ.પી.એચ.ડબલ્યુ.ની કામગીરી નિયત શિડ્યુલ પ્રમાણે થાય  અને તેઓની ડાયરી મેઈન્ટેન કરવામાં આવે તે જોવું. (અમલ : ડે.હેલ્થ ઓફીસરશ્રી-તમામ)
- ➢ મ્યુનિસિપલ બગીચાઓમાં ગંદકી થતી રોકવા સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવું. બગીચાઓમાં પુરતા પ્રમાણમાં ડસ્ટબીન ફાળવવા. (અમલ : ડે.હેલ્થ ઓફીસરશ્રી-તમામ)
- ➢ મચ્છર બ્રીડીંગ જણાય તેવા બિલ્ડીંગો સીલ કરવા. તમામ મોટી હોસ્પિટલો, મોટા કેમ્પસ, બંધ મીલોની જગ્યાનું ચેકીંગ હાથ ધરવું. વૉટર લોગીંગના સ્થળોએ અધિકારીશ્રીઓએ મચ્છર બ્રીડીંગ અને હેલ્થ કામગીરી અંગે ચેકીંગ કરવું. જાહેર મકાનો, પબ્લિક પ્લેસ, પ્રતિષ્ઠિત નાગરિકો હસ્તકની પ્રિમાઈસીસ ચેક કરી બ્રીડીંગ સ્થળ મળી આવે તો જરૂરી કાર્યવાહી કરવી. જ્યાં એન્ટી લાર્વાની એક્ટીવીટી થઈ હોય ત્યાં હાયર લેવલે ચેકીંગ કરી લાર્વા મળે છે કે નહી તેની ખાત્રી કરવી. તેજ રીતે વેક્ટર ડેન્સીટી વધારે હોય ત્યાં થયેલ કામગીરીનું ક્રોસ ચેક કરવું. મેલેરીયા એનાલીસીસ બુલેટ ફોર્મેટમાં સ્ટેટ અને સેન્ટ્રલ ટીમની સૂચનાઓ ધ્યાનમાં લઈ દર અઠવાડીક રિવ્યુ મિટીંગમાં રજૂ કરવું. (અમલ : તમામ અધિકારીશ્રઓ, ડે.હેલ્થ ઓફીસરશ્રી-તમામ)
- ➢ આગામી સમયમાં પુના તેમજ અન્ય શહેરોની મુલાકાતે જતા પદાધિકારીઓની ટીમ સાથે જોડાનાર અધિકારીશ્રીઓ શહેરોમાં ટ્રાફીક સીગ્નલ માટે કયા પ્રકારની સીસ્ટમ છે તેનો અભ્યાસ કરી માહિતી રજૂ કરી એ.ટી.સી.એસ. ની કામગીરી અન્ય કોન્ટ્રાક્ટર પાસે મુળ કોન્ટ્રાક્ટરના ખર્ચે અને જોખમે કરાવવા ચકાસણી કરવી. ટ્રાફીક સિગ્નલ માટે સારા કન્સલ્ટન્ટ રાખવા. ઈ.ઓ.આઈ. મંગાવી નવી ડીઝાઈનના વિકલ્પો ચકાસવા. (અમલ : ડે.મ્યુ.કમિશનરશ્રી-લાઈટ/ઈ-ગવર્નન્સ, એડી.સી.ઈ.શ્રી-લાઈટ, )
- ➢ એલ.ઈ.ડી., ટી-૫ લાઈટ અને સોલર પ્રોજેક્ટ વિગેરે એનર્જી સેવીંગ્સને લગતા પ્રોજેક્ટસ અગત્યના હોઈ સપ્ટેમ્બર અંત પહેલા વર્કઓર્ડર અપાય તે જોવું. (અમલ : એડી.સી.ઈ.શ્રી-લાઈટ)
- ➢ ૬૦ ફુટ થી મોટા તમામ રોડ આવરી લઈ પાર્કીંગ પ્લોટ અને ચાર્જીસ અંગે કયા રસ્તા પર કેટલા અને કયા પ્રકારના વાહનો, કયાં પાર્ક થઈ શકે તેમ છે તે અંગેની માહિતી સાથે તા.૧૮/૦૮/૨૦૧૨ ના રોજ સમીક્ષા બેઠક રાખવી. (અમલ : ડે.મ્યુ.કમિશનરશ્રી-ટ્રાફીક/એસ્ટેટ)

- મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફાળવવામાં આવેલ મિલકતો / જમીનોનો યોગ્ય ઉપયોગ થાય છે કે કેમ ? તેની સમીક્ષા અર્થે યોગ્ય રેકર્ડ મેઈન્ટેઈન થાય તે જોવું. હેલ્થ વિભાગ સંબંધિત મિલકતોની સુનાવણી સૌપ્રથમ આરોગ્ય અધિકારીશ્રીએ સાંભળવી. એલોટમેન્ટ કંડીશન અને તથ્યોની નોંધ મુકવી.

  (અમલ : આરોગ્ય અધિકારીશ્રી, એસ્ટેટ ઓફીસરશ્રી, તમામ ખાતાધિકારીશ્રીઓ)
- ઈ.ડબલ્યુ.એસ. આવાસોની સર્વીસ સોસાયટી રજીસ્ટ્રેશન માટે તાત્કાલિક કામગીરી કરવી, અધિકારીશ્રીઓએ સદર આવાસોની આકસ્મિક મુલાકાત લેવી, ઈ.ડબલ્યુ.એસ. સોસાયટીઓમાં રોડ વૉલ ટુ વૉલ બનાવવા, સફાઈ અંગે સ્થાનિક રહીશો સાથે વારંવાર મિટીંગ યોજી જાગૃતિ કેળવવી અને વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવો. પબ્લિક હાઉસીંગની કામગીરી માટે જરૂરીયાત મુજબ ટેકનીકલ સુપરવાઈઝરનું મહેકમ ઉભુ કરી, કામગીરી કરાવવી. (અમલ : ડે.મ્યુ.કમિશનરશ્રી-હાઉસીંગ/પાર્કસ એન્ડ ગાર્ડન/વહીવટ, ડે.હેલ્થ ઓફીસરશ્રી-તમામ, એડી.સી.ઈ.શ્રી-તમામ ઝોન)
- ડે.મ્યુ.કમિશનરશ્રી (ઉ.ઝોન), ડે.મ્યુ.કમિશનરશ્રી (યુ.ડી.), ડે.મ્યુ.કમિશનરશ્રી (પબ્લિસીટી), ની કમિટી દ્વારા બજેટમાં જણાવેલ પી.પી.પી. ની બાબતો તથા હાલ કાર્યરત સેવાઓ પૈકી કઈ સેવાઓ પી.પી.પી. મોડેલથી ચલાવવી તેની યાદી તૈયાર કરી ગાઈડલાઈન / ટર્મ્સ એન્ડ કંડીશન્સ તૈયાર કરી, બજેટમાં સમાવેશ થયેલ બાબતો માટે કાર્યપદ્ધતિની નોંધ રજૂ કરવી. તથા ૧૫ થી ૨૦ અધિકારીશ્રીઓને જી.આઈ.ડી.બી./આઈ.એલ.એફ.એસ. દ્વારા ટ્રેઈનીંગ આપવી. આ તમામ બાબતો અંગે મ્યુ.કમિશનરશ્રી સાથે ચર્ચા કરવી. તા.૨૫/૦૮/૨૦૧૨ ના રોજ સમીક્ષા કરવામાં આવશે.

  (અમલ : ડે.મ્યુ.કમિશનરશ્રી-ઉ.ઝોન / યુ.ડી. / પબ્લિસીટી)
- ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને મેલેરીયા એક્શન પ્લાનના ક્વોલીટી ઈન્ડીકટર્સમાં કોઈ શોર્ટફોલ ન આવે તે જોવું. ડે.મ્યુ.કમિશનરશ્રીઓ / આસી.મ્યુ.કમિશનરશ્રીઓ / ડે.હેલ્થ ઓફીસરશ્રીઓએ સરપ્રાઈઝ ચેકીંગ કરવું. હોસ્પિટલ્સના મેડીસીન અને પિડીયાટ્રીક એક્સપર્ટની મિટીંગ કરી ભારત સરકારની ગાઈડલાઈન મુજબ સ્ટાન્ડર્ડ પ્રોટોકોલનો અમલ થાય તે જોવું. જનરલ પ્રેક્ટીશનરની ઝોનવાઈઝ મિટીંગ કરવી.

  (અમલ : ડે.મ્યુ.કમિશનરશ્રી-હેલ્થ/હોસ્પિટલ)
- ગેરકાયદેસર બાંધકામ રોકવા શરૂઆતમાં જ અટકાયતી પગલા લેવા અને ઝોન કક્ષાએ આસી.મ્યુ.કમિશનરશ્રીએ સક્રીય કામગીરી કરવી. આવા બાંધકામોને ગેરકાયદેસર બાંધકામમાં ૨૬૦(૨) ની નોટીસો આપેલ હોય તેનો દરેક ઝોનલ ડે.મ્યુ.કમિશનરશ્રી રિવ્યુ કરી જેમાં પોલીસ પ્રોટેક્શનની જરૂરીયાત હોય અને જરૂરિયાત ન હોય તેની યાદી બનાવવી. જે બાંધકામ તોડવા પોલીસ પ્રોટેક્શન જરૂરી ન હોય તેને તાત્કાલિક તોડવાની કામગીરી કરવી. ગેરકાયદેસર બાંધકામ તોડવા પોલીસ પ્રોટેક્શન ન મળેલ હોય તેવા કેસની વિગતો એકત્ર કરી ટી.ડી.ઓ.શ્રીએ મ્યુ.કમિશનરશ્રીને રજૂ કરવી. સેન્ટ્રલ ડીમોલીશન સેલ દ્વારા ગેરકાયદેસર બનેલા મોટા બાંધકામો તોડવા કાર્યવાહી કરવી. (અમલ : ડે.મ્યુ.કમિશનરશ્રી-તમામ ઝોન)

- ક્લોરીન ટેસ્ટની કામગીરી વધુ સઘન બનાવવી. ક્લોરીનેશનનું પ્રમાણ વધે તે જોવું. દરેક ઝોનમાં માઈક્રો લેવલે પ્લાનિંગ થાય તે જોવું. જ્યાં ડ્રેનેજ ઓવરફલો હોય તે વિસ્તારના પીવાના પાણીના સેમ્પલ અવશ્ય લેવા. લીકેજ હોય તો યુદ્ધના ધોરણે કામગીરી કરવી.

  (અમલ : આરોગ્ય અધિકારીશ્રી, ડે.હેલ્થ ઓફીસરશ્રી-તમામ)

- ચોમાસાની ઋતુને ધ્યાને લઈ હેલ્થ સ્કવોર્ડ દ્વારા વધુ ચેકીંગ કરવામાં આવે તેની તકેદારી રાખવી. પીવાના પાણી તેમજ બરફ બનાવતા એકમોમાં ચેકીંગ કરવું. તથા સેમ્પલ અનફીટ આવે તેને સીલ કરવા કાર્યવાહી કરવી. ખાણી-પીણીના સેમ્પલ ફેઈલ થાય તેની દર માસે સંકલિત પ્રેસનોટ આપવી.

  (અમલ : આરોગ્ય અધિકારીશ્રી)

- વ્યક્તિગત શૌચાલય કેટલા બનાવવાના બાકી છે અને ઝોનવાર કેટલા નવા બનાવી શકાશે તેની યાદી પે એન્ડ યુઝ ટોયલેટની વિગત સાથે તૈયાર કરી રજૂ કરવી. આ કામગીરીને ટોચ અગ્રતા આપીને ઝોન કક્ષાએ એડી.સી.ઈ.શ્રીએ ફરીથી રાઉન્ડ લઈ પે એન્ડ યુઝ / વ્યક્તિગત શૌચાલયના લોકેશન નક્કી કરી ઓગસ્ટ અંત સુધીમાં યાદી રજૂ કરવી. ઉપરાંત જાહેર શૌચાલયને પે એન્ડ યુઝમાં ફેરવવા કે ઓપરેશન મેઈન્ટેનન્સ માટે કોન્ટ્રાક્ટથી આપવા તેની દરખાસ્ત રજૂ કરવી. જ્યાં પબ્લીક ટોયલેટની જરૂર ન હોય તેવા સ્ટ્રક્ચર તોડીને આરોગ્ય વિષયક / આંગણવાડીની સુવિધા ઉપલબ્ધ કરાવવી.

  (અમલ : એડી.સી.ઈ.શ્રી-તમામ ઝોન, ડે.હેલ્થ ઓફીસરશ્રી-તમામ)

- રાજ્ય સરકાર દ્વારા ખાનગી સોસાયટીના આંતરિક રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટ, પાણીની લાઈનો માટે આપવામાં આવનાર ગ્રાન્ટ સંદર્ભે તમામ ઝોને સોસાયટીઓની આવેલ અરજીઓ સંદર્ભે ઝોનવાર સમીક્ષા કરવામાં આવી, જે ઝોનમાં સોસાયટી તરફથી પૈસા ભરપાઈ કરવામાં આવેલ નથી તેવી સોસાયટીઓ માટે સોસાયટીના હોદ્દેદારો તથા કાઉન્સિલરશ્રીઓનો સંપર્ક કરવો. જે સોસાયટીના પૈસા ભરાઈ ગયેલ છે, તેના કામો તાત્કાલિક શરૂ કરાવવા સૂચના આપી. બી.યુ. હોય અથવા લે-આઉટ સક્ષમ સત્તા દ્વારા મંજુર થયેલ હોય તેવી સોસાયટીઓમાં પાણીની લાઈન નાખવાની કામગીરી એડી.સી.ઈ.શ્રી કક્ષાએ સર્ટીફાય કરી કાર્યવાહી કરવી. સ્વર્ણિમ જયંતિ પત્રકમાં પ્રગિત અહેવાલ રજૂ કરવો અને કામગીરી ઝડપી પુર્ણ થાય તે જોવું. આગામી મિટીંગમાં થયેલ ખર્ચની વિગત પત્રકમાં દર્શાવવી. (અમલ : એડી.સી.ઈ.શ્રી-તમામ ઝોન)

- જોધપુર વૉર્ડ 24 X 7 વૉટર સપ્લાયની કામગીરી ઝડપથી પુર્ણ થાય તે માટે ચર્ચા કરવી. ૨૦૧૨ અંત સુધીમાં સમગ્ર શહેરને 24 X 7 વૉટર સપ્લાય કરવા બાબતને પ્રોજેક્ટ મોડમાં લેવું. આ અંગે ઓગષ્ટના ત્રીજા અઠવાડીયામાં વર્કશોપનું આયોજન કરવું. આગામી અઠવાડીયામાં તમામ ઝોનના એડી.સી.ઈ.શ્રીઓની મિટીંગ કરવી અને તમામ વૉટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન પ્રમાણે કમાન્ડ એરીયા નક્કી કરી નોંધ રજૂ કરવી. તેમજ પ્રગતિ અહેવાલને અઠવાડીક રિવ્યુ મિટીંગના એજન્ડા પર લેવો.

  (અમલ : સી.ઈ.શ્રી-વો.રી.મે.)

- ખાનગી બોરથી પાણી લેતી ઈન્ડસ્ટ્રીઝનો પાણીના વપરાશનો સોર્સ તથા જથ્થાનો ડેટા તૈયાર કરવા સક્ષમ સંસ્થાને કામગીરી સોંપવી. (અમલ : સી.ઈ.શ્રી-વૉ.રી.મે.)
- જાહેર રસ્તાઓ ઉપર વરસાદી પાણી ભરાતુ હોય તો ત્યાં જરૂરી સાવધાની માટેના બોર્ડ લગાવવા. (અમલ : એડી.સી.ઈ.શ્રી-તમામ ઝોન)
- ખારીકટ કેનાલની સંપૂર્ણ સફાઈની ત્રણે ઝોન દ્વારા કાળજી રાખવી. (અમલ : ડે.હેલ્થ ઓફીસરશ્રી-ઉત્તર/પુર્વ/દક્ષિણ)
- મેલેરીયાના કેસમાં તુરત જ તપાસ થાય તે માટેની આર.ડી. કીટ મ્યુ.હોસ્પિટલોમાં તેમજ જે ઝોનમાં કેસીઝ વધારે જણાય ત્યાં આપવી. (અમલ : આરોગ્ય અધિકારીશ્રી)
- એફ.એસ.એ. લાયસન્સ માટે એસોસિએશન્સને આવરી લઈ મોટા પાયે ઝુંબેશ હાથ ધરી તમામ એકમોને આવરી લેવાય અને બી.પી.એમ.સી એક્ટ મુજબનું લાયસન્સ પણ લાગુ પડતા એકમોને આપવું. ચેમ્બર ઓફ કોમર્સ સાથે સંકલન કરી કેમ્પ કરવા. ઝોનલ વીકલી રિવ્યુ મિટીંગમાં સમીક્ષા કરવી. (અમલ : આરોગ્ય અધિકારીશ્રી)
- ફુડ ચેકીંગનો રિપોર્ટ વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવો. (અમલ : આરોગ્ય અધિકારીશ્રી)
- કુતરાઓ અને ઢોર પકડવાની કામગીરી સઘન બનાવવી. રખડતા ઢોર માટે નવા પશ્ચિમ ઝોન અને પશ્ચિમ ઝોનમાં આગામી અઠવાડીયા માટે ઝૂંબેશ કરવી ત્યાર પછીના અઠવાડીયે અન્ય બે ઝોનમાં ઝૂંબેશ કરવી. સદર કામગીરી માટે ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારી મુકવા. ભવિષ્યની કામગીરીને ધ્યાનમાં રાખી પુર્વ ઝોન, ઉત્તર ઝોન તેમજ દક્ષિણ ઝોનમાં માનવ વસ્તી ઓછી હોય ત્યાં પ્લોટ શોધી નોંધ રજૂ કરવી. (અમલ : ડે.મ્યુ.કમિશનરશ્રી-સી.એન.સી.ડી./વહીવટ)
- પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ સંબંધે સઘન ચકાસણી કરવી. અઠવાડીયામાં બે-ત્રણ વખત જથ્થાબંધ પ્લાસ્ટિકના વેપારીઓને ત્યાં ચેકીંગ કરવું. (અમલ : ડે.હેલ્થ ઓફીસરશ્રી-તમામ)
- ઈમ્પેક્ટ ફી ના કાયદાના નિયમો અંગે જરૂરી સૂચનોની યાદી રજૂ કરવી. સ્પેશ્યલાઈઝડ બિલ્ડીંગોમાં, હાઈરાઈઝ કોમર્શિયલ બિલ્ડીગ, પાર્ટી પ્લોટ, હોસ્પિટલ, હોટેલ તથા સ્કુલ - કોલેજ વિગેરે બાંધકામોમાં પ્લાનમાં દર્શાવેલ અને હકીકતમાં સ્થળે પાર્કીંગ વ્યવસ્થા ન હોય તેવા બાંધકામો ઈમ્પેક્ટ ફી હેઠળ આવરી લેવાય તે જોવું. આવા બિલ્ડીંગ માલિકોનો સંપર્ક કરવો. (અમલ : ડે.મ્યુ.કમિશનરશ્રી-યુ.ડી., ડે.એસ્ટેટ ઓફીસરશ્રી-તમામ)
- ગુજરાત હાઉસીંગ બોર્ડના પ્લોટ અને વસાહતો અંગે એગ્રીમેન્ટની કાર્યવાહી કરવા અર્થે ડી.ઓ. લેટર લખવો. (અમલ : એસ્ટેટ ઓફીસરશ્રી)
- કોતરપુરમાં પડી રહેલ ઈ-વેસ્ટ મટીરીયલ્સની હરાજીની કાર્યવાહી કરવા નોંધ રજૂ કરવી. (અમલ : ડે.મ્યુ.કમિશનરશ્રી-ઈ-ગવર્નન્સ)

- જી.પી.એસ. વ્યવસ્થા બી.ઓ.ટી. મોડ પર કાર્યરત કરવા કાર્યવાહી કરવી. આગામી મિટીંગમાં અ.મ્યુ.કો.નું ઈ-ગવર્નન્સ તંત્ર સક્ષમ બને તે માટે ચર્ચા રાખવી. (અમલ : ડે. મ્યુ.કમિશનરશ્રી-ઈ-ગવર્નન્સ)
- એન્જીનીયરીંગ મોડ્યુલના અસરકારક અમલ અર્થે સંબંધિત તમામ સ્ટાફને તાલીમ આપવી. હાલના મોડ્યુલમાં ઈન્પુટ, ફીઝીકલ ફાયનાન્સિયલ પ્રોગ્રેસ, રિપોર્ટ જનરેશન આવરી લઈ હાર્ડવેર તેમજ કનેક્ટીવીટી પુર પાડવી. સફળ અમલીકરણ માટે ટ્રબલશુટીંગ ટીમ બનાવવી. જેમાં એક સેન્ટ્રલ અને અન્ય ઝોનમાં કાર્યરત કરવી. ૧લી ઓક્ટોબરથી કોઈપણ સંજોગોમાં મેન્યુઅલ ફાઈલ સ્વીકારવામાં આવશે નહી.
  (અમલ : ડે.કમિશનરશ્રી-ઈ.ગવર્નન્સ)
- તમામ ઉચ્ચ અધિકારીશ્રીઓએ રાઉન્ડ દરમિયાન ધ્યાનમાં આવેલ હેલ્થ / ઈજનેર અથવા અન્ય વિભાગને લગતી કામગીરીનો ઈ-મેઈલ સંબંધિત ખાતાધિકારીને કરવો. જે અંગે ખાતાધિકારીશ્રીએ કમ્પલાયન્સ રિપોર્ટ પરત મોકલવાનો રહેશે. (અમલ : સંબંધિત ખાતાધિકારીશ્રી)
- ગેરકાયદેસર પાણી તેમજ ડ્રેનેજ કનેક્શન દુર કરવા કાર્યવાહી કરવી. (અમલ : એડી.સી.ઈ.શ્રી-તમામ ઝોન)
- ડ્રેનેજ / પાણીના કનેક્શનમાં વિલંબ નિવારવા માટે ટેક્ષ ખાતાનો ફીઝીકલ અભિપ્રાય ન મેળવતા ઈજનેર ખાતાએ ઓનલાઈન ચેક કરી, પ્રિન્ટ ફાઈલમાં રાખી નિર્ણય લેવો. (એડી.સી.ઈ.શ્રી-તમામ ઝોન)
- સમગ્ર શહેરમાં નવી ડ્રેનેજ લાઈનને લીધે ખોદકામ થયેલ હોય અને ગ્રાઉટીંગની કામગીરી થયેલ હોય તેવા તમામ રોડ પાકા બનાવવા માટે યાદી તૈયાર કરી ચર્ચા કરવી.
  (અમલ : સી.ઈ.શ્રી-વૉ.રી.મે., એડી.સી.ઈ.શ્રી-રોડ પ્રોજેક્ટ/ તમામ ઝોન)
- ટી.પી. રોડ અમલીકરણ માટે ચર્ચા રાખવી. (અમલ : ડે.મ્યુ.કમિશનરશ્રી-યુ.ડી.)
- ડ્રેનેજ ઓવરફ્લો જણાય ત્યારે તુરંત જ હેલ્થ ઈજનેર ખાતાએ સર્વે તેમજ વૉટર સપ્લાય ચેકીંગની તેમજ પ્રિવેન્ટીવ કામગીરી હાથ ધરવી.(અમલ : એડી.સી.ઈ.શ્રી-તમામ ઝોન, ડે.હેલ્થ ઓફીસરશ્રી-તમામ ઝોન)
- પ્રોપર્ટી ટેક્ષ રિવ્યુ સપ્ટેમ્બર-૨૦૧૨ માં કરવામાં આવશે. (અમલ : ડે.મ્યુ.કમિશનરશ્રી-ટેક્ષ)

**સહી : ડૉ.ગુરૂપ્રસાદ મહાપાત્ર**
**મ્યુનિસિપલ કમિશનર**

**<u>નકલ સવિનય રવાના જાણ તથા કાર્યવાહી કરવા સારૂં :</u>**

- પી.એસ. ટુ મ્યુનિસિપલ કમિશનરશ્રી - માન.મ્યુનિ.કમિશનરશ્રીના ધ્યાને મુકવા સારૂં
- ડે.મ્યુ.કમિશનરશ્રી (તમામ)
- સીટી એન્જીનીયરશ્રી (વોટર રીસોર્સ મેનેજમેન્ટ)
- એમ.ઓ.એચ.શ્રી
- આસિ.મ્યુ.કમિશનરશ્રી (તમામ)
- ડાયરેકટરશ્રી (સો.વે.મે.)
- ચીફ સીટી પ્લાનર (એસ્ટેટ/ટી.ડી.ઓ.)
- ચીફ ફાયર ઓફીસરશ્રી
- એડી.સીટી એન્જીનીયરશ્રી (તમામ )

- ડે.એસ્ટેટ ઓફિસરશ્રી (તમામ)
- ડે.હેલ્થ ઓફિસરશ્રી (તમામ)
- પ્લાનિંગ ઓફીસરશ્રી
- જે.ડી.એમ.શ્રી (સેન્ટ્રલ વર્કશોપ)